## ડાયરેક્ટ ❤ સે

કોઈ ન સમજે
તો સત્ય સમજાવવા
મહેનત ન કરશો
કારણ કે સમય આવ્યે
સમય જ એને
સત્ય સમજાવી દેશે

## જન્મદિને વધામણી



**કાવ્યા છાયા ત્રિવેદી**
**મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલનો સ્પોર્ટ્સ ડે ૧૫મીએ

ગાંધીનગર, તા. ૧૧

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, ગાંધીનગરનો વાર્ષિક સ્પોર્ટ્સ ડે ૧૫મી ડિસેમ્બરે યોજાઈ રહ્યો છે.

સવારે ૮ કલાકે સ્કૂલ ગ્રાઉન્ડ ખાતે આ સ્પોર્ટ્સ ડેનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે, જેમાં સેન્ટ ઝેવિયર્સ હાઈ સ્કૂલ, મિરઝાપુર, અમદાવાદના પ્રિન્સિપાલ ફાધર ટાઈટસ ડિ'કોસ્ટા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

### સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર, કુડાસણ દ્વારા કેજીનાં ભૂલકાં અને વાલીઓ માટે

# 'ટ્વાઈલાઈટ મસ્તી' કાર્યક્રમ યોજાયો



કડકડતી ઠંડીમાં ગરમીનો અહેસાસ કરાવતો કાર્યક્રમ 'ટ્વાઈલાઈટ મસ્તી' સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર, ચિલોડા ખાતે યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં પ્રથમવાર કેજીનાં ભૂલકાં તથા તેમનાં માતા-પિતા માટે આયોજિત આ કાર્યક્રમ ચિરસ્મરણીય બની રહે તે હેતુથી વિવિધ સ્પોર્ટ્સ ગેમના માધ્યમથી શારીરિક કસરતોને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. ભૂલકાઓ ઉપરાંત તેમના વાલીઓએ પણ વિવિધ ગેમ્સમાં ભાગ લઈ આનંદ માણ્યો હતો. આ ઉપક્રમ અંતર્ગત ખાણી-પીણીના સ્ટોલ્સ પણ ગોઠવવામાં આવ્યા હતા. રાત્રે કેમ્પફાયર દ્વારા સમગ્ર વાતાવરણને ગરમ અને પ્રકાશિત બનાવવામાં આવ્યું. ભૂલકાઓ અને શઈક્ષકો દ્વારા પ્રસ્તુત વિવિધ કાર્યક્રમો નિહાળીને પેરેન્ટ્સને પોતાનાં બાળકોમાં રહેલી આંતરિક શક્તિ અને આત્મવિશ્વાસની અનુભૂતિ થઈ. નોનફાયર કૂકિંગ સ્પર્ધા દ્વારા મમ્મીઓએ પોતાની સર્જનાત્મકતા રજૂ કરી પોતે રસોઈની રાણી છે તે સાબિત કર્યું હતું.

## સરકારી વિનયન કૉલેજ ખાતે 'નમો ટૅબ'નું વિદ્યાર્થીઓને વિતરણ



સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરના ખાતે Namo e-tab યોજના અંતર્ગત ટેબલેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરેલું જેમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૫૧૨ વિદ્યાર્થીઓને ટોકન ફી ૧૦૦૦ લઈને ટેબલેટ આપવામાં આવ્યાં હતાં. કોલેજના આચાર્ય ડૉ.હિમ્મત ભાલોડીયા દ્વારા શિક્ષણમાં ટેબલેટનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. નોડલ ઓફિસર મહેશ નંદાણિયા અને પ્રો. મયારામ પટેલ દ્વારા કાર્યક્રમનું આયોજન અને વિદ્યાર્થીઓને સરળતાથી ટેબલેટ મળી રહે તે માટે અધ્યાપકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'કારકિર્દી માર્ગદર્શન' સેમિનાર



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે શનિવારે 'કારકિર્દી માર્ગદર્શન' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૧૦ પછીની ઉજ્જવળી કારકીર્દી માટે શાળાના વિદ્યાર્થીઓને વી.પી.એમ.પી પોલિટેકનિક, ગાંધીનગર સંસ્થાના સ્ટાફ મેમ્બર હાર્દિકભાઈ રાઠોડ સુરેશભાઈ પટેલ અને સમીરભાઈ ઠક્કર દ્વારા કારકીર્દી અંતગર્ત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ધો-૧૦ના વિદ્યાર્થીઓને પોતાના લક્ષ્યપ્રાપ્તિ માટેનું ઉત્તમ પથપ્રદર્શન માળ્યું હતું. શાળાના ટ્રસ્ટીગણ તેમજ આચાર્યશ્રી એ પણ માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## રેડિયન્ટ સ્કૂલનો રાજસ્થાન પ્રવાસ



સરગાસણમાં સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા વિદ્યાર્થીઓ માટે રાજસ્થાનના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓમાં સહકાર, ત્વરિત નિર્ણયશક્તિ, કોઠાસૂઝ, બાહ્યજ્ઞાન, ઐતિહાસિક વારસાનું જતન વગેરે મહત્ત્વની બાબતો વિકસાવી શકાય એવા ઉમદા હેતુસર યોજવામાં આવેલા આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ કુંભલગઢ કિલ્લો, ફિશપોન્ડ, ઉદેપુર સહેલીઓની વાડી, ફતેહસાગર લેક, હલ્દીઘાટી વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. ઉપરાંત તમામ વિદ્યાર્થીઓએ ટ્રેકિંગ, એડવેન્ચર એક્ટિવિટીઝ, સ્વિમિંગ, રાજસ્થાની લોકનૃત્ય, ડીજે પાર્ટીનો આનંદ માણ્યો હતો.

સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓ, શિક્ષકોને ને આ સફળ પ્રવાસ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## એસ. વી. સ્કૂલમાં સ્પોર્ટ્સ ડે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો માટે રનિંગ રેસ, ફ્રોગ રેસ, હર્ડલ રેસ,પૅક ધ બેગ, બૂક બેલેન્સિંગ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાનાં પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે બાળકોને જીવનમાં ખેલ, રમત-ગમત અને શારીરિક ચુસ્તીનું મહત્વ સમજાવ્યું હતું તથા શિક્ષિકા ખુશ્બુ મિસ્ત્રીએ તેઓને દરરોજ કસરત કરવાના અને એક્ટિવ રહેવાના શપથ લેવડાવ્યા હતા. અંતમાં, તમામ બાળકોને એનર્જી ડ્રિંક ગ્લુકોન ડી પીવડાવીને તરોતાજા કરવામાં આવ્યાં હતા. બાળકોએ 'ગ્લુકોન ડી...યે જાન મે જાન ડાલ દે... પીતે હી...' ગાઈને શાળાના વાતાવરણને ગજવી દીધું હતું. વાલીઓએ પણ આ નવતર પ્રયોગને બિરદાવી, શાળા પરિવારની પ્રસંશા કરી હતી.

## એસ. જી. અને એસ. વી. અંગ્રેજી મીડિયમ શાળાના વિદ્યાર્થીઓએ રેલવે સ્ટેશનની મુલાકાત લીધી



એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધો -૧ના ૩૬૦ અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ૫૫ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં સ્થિત રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. બાળકોને રેલવે સ્ટેશનના વિવિધ વિભાગો અને બારીઓ વિશે માહિતી આપી હતી. આ વિદ્યાર્થીઓ સાથે શાળાના ધોરણ-૧ના શિક્ષકો પણ જોડાયા હતા. બાળકોએ આ મુલાકાતથી આનંદ અનુભવ્યો હતો.

## વાડોકાઈ કરાટે-ડો એકેડેમીની કલોલ શાખામાં કરાટેના તાલીમાર્થીઓ માટે રેન્ક ટેસ્ટ યોજાઈ



વાડોકાઈ કરાટે-ડો એકેડેમી દ્વારા કલોલ શાખામાં કરાટેનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે રેન્ક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કલોલના કોચ સેનસાઈ સુરજ ત્રિપાઠી દ્વારા લેવામાં આવેલા આ ટેસ્ટમાં પાંચ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો અને કરાટેની પ્રથમ ડિગ્રી પ્રાપ્ત કરી હતી. અનન્ય વિદ્યાલય, કલોલનાં ડિરેક્ટર મમતાબેન રાવલે પદવી મેળવનારા તાલીમાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.


## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ પરમો મણકો ॥**

મહિનાઓ પછી સુશીલાબેન ડાયરીમાં લખે છે કે, બાપુએ કહ્યું હતું કે તે દિવસે હું ધર્મસંકટમાં હતો.

ધર્મસંકટ કેવું ? અંગ્રેજ કાયદા પ્રમાણે કોઈપણ કેદી ગુજરી જાય તો તેના સગા-વ્હાલાને તુરંત ખબર આપવી જોઈએ. પણ બાપુએ જે તાર કરેલો તે તો અમને ૨૨ દિવસ પછી પહોંચાડવામાં આવેલો.

ગાંધીજીએ અવાજ સાંભળ્યો, ચાલો તૈયાર છે, બ્રાહ્મણો તૈયાર છે. ગાંધીજીના કાન સરવા થયા, છે શું કે લઈ જવા માટે. તો કે છે કે મહાદેવભાઈને લઈ જવા માટે. બાપુએ પૂછ્યું, સરદાર નહીં આવે, સરદાર અહીંયા નથી. એ તો અહમદનગર હતા. તો કે છે કે ખેરસાહેબ ? તો કે, ના એ આવી શકે એમ નથી. એટલે કે એમને મનાઈ કરવામાં આવી છે. તો કે અમારામાંથી કોઈ નથી. બોલતા નથી પણ ના પાડે છે. એટલે કે છે કે ક્લાસીકલ કેસ હતો, સત્યાગ્રહ કરવાનો. સગાવ્હાલાઓને ખબર નથી કરતા, સાથીઓને આવવા નથી દેતા, આની સામે તો સત્યાગ્રહ કરવો કરી શકાય. પણ ધર્મસંકટ હતું. મહાદેવ મારો દીકરો હતો. અને દીકરાને માટે થઈને મારે સત્યાગ્રહ કરવો નહોતો. કોઈ બીજાને માટે હોત તો હું કરત. આ તો વ્યક્તિગત માગણી માટે કરેલો સત્યાગ્રહ કરાય, એટલે એ ન કર્યું. પણ ભગવાને જ મને સૂઝાડ્યું કે તો પછી અહીંયા જ અંતિમક્રિયા ન



થાય ? એટલે પછી પૂનાથી મુંબઈ ને મુંબઈથી દિલ્હી ટેલિફોન થયા ને એ ટેલિફોનના જવાબ પાછા આવ્યા ત્યારે પરવાનગી મળી કે હા, આગાખાન મહેલના પ્રાંગણમાં અંતિમક્રિયા થઈ શકે. અને ગાંધીજીએ કહ્યું કે આખી જિંદગી મહાદેવ મારો દીકરો હતો, પણ હવે હું એનો દીકરો છું. એમ કહી, ગાંધીજીએ મુખાગ્નિ કર્યો. પણ કસ્તૂરબા તે દિવસે કહી ચૂક્યા હતા કે હું અહીંથી જવાની નથી. માંદગી એના પહેલાંની હતી, કોઈક વાર વધે, કોઈક વાર ઘટે. પણ આ માંદગી વખતે સરકારે જે ઉપેક્ષા દેખાડી, એને માટે વિશેષણ વાપરવાનો કોઈ અર્થ નથી. પણ બાપુએ પોતે એકવાર કહ્યું, મારી એક વિનંતી છે કે મને તમે અહીંથી ટ્રાન્સફર કરો. મારાથી કસ્તૂરબાની આ વેદના જોવાતી નથી. મને ક્યાંક જૂદે મૂકો. આ વેદના બાપુ અનુભવે છે. કારણ કે એમને હતું કે એલોપેથિક દવા મને નથી ફાવતી, આયુર્વેદિક દવા મને કરાવો, પેલા ડૉક્ટર શર્મા છે એ મારી દવા કરે છે, એમને બોલાવો. પણ બે મહિના સુધી જવાબ જ નહીં. જ્યારે એ પહોંચ્યા ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું. આવ્યા, જોયું એમણે કહ્યું, બાજી હાથમાં નથી. છતાં હું કેટલીક દવા આપીશ અને વોચ કરીશ. પણ વોચ શી રીતે કરે ? એમને કહેવાયું, તમે કેદી નથી, રાત અહીં રોકાવાની તમને છૂટ નથી. એટલે આગાખાન મહેલના ફાટકની બહાર પોતાની કારને રાખીને આખી રાત સૂતા રહ્યા, ૨૧મીની આખી રાત. ૨૨મીએ કસ્તૂરબાનું નિધન થયું. પણ રાત્રે આવીને જોઈ શકે, દવા બીજી આપી શકે એવું શક્ય નહોતું. એમણે કહ્યું કે બીજા કોઈને કહેવું હોય તો પણ કહીએ, પણ ગાંધીજીએ કહ્યું કે હવે બહુ અર્થ નથી.

ગાંધીયાત્રા 150

પહેલાં તબિયત સુધરતી ત્યારે કેરમ રમતા. પણ કેરમ રમતાં થાક લાગે એવું શરીર હતું. છેલ્લી માંદગીમાં તો જરા હવા ખાવાનું મન થાય તો બહાર વરંડામાં જતા, ત્યાં તુલસીનો છોડ હતો. હું એ તુલસીના દર્શન પણ કરીશ અને થોડી હવા પણ મળશે. ત્યાં તુલસીનું કૂડું મૂકેલું હતું. એમની પથારી ખાટ સાથે ઉપાડી જવાય ને મૂકાય. પણ નીચે બગીચામાં સાવ નજીક એક ગાડું છે, એ ગાડામાં સ્મશાનનાં લાકડાં ભરીને મૂકવામાં આવ્યાં છે. જાણે એમ કહેવા માટે કે આ તમારા માટે તૈયાર રાખ્યાં છે. જીવતા માણસની નજર સામે એને માટેનાં લાકડાં ત્યાં મૂકવામાં આવ્યા હતા. અને આ બધી વેદનાના અનુભવો ગાંધીજીને કરવાના હતા. અને આ ચોથીવારનો ફટકો હતો.

પણ એટલું જ હું એમાં કહું, કે એમ ન સમજશો કે રોજ સ્થિતપ્રજ્ઞની પ્રાર્થના કરનાર માણસ એણે કદી એવો દાવો નહોતો કર્યો કે હું સ્થિતપ્રજ્ઞ છું. હા, આપણે એના વિશે એટલું કહી શકીએ કે માનવતા એણે કદી છોડી નહોતી. સાધુ બનવા માટે પણ માનવતાને માણસ જેટલી દૂર રાખે છે એટલીય માનવતા એણે છોડી નહોતી. પૂરા બધી લાગણીઓ સાથેના ગાંધી હતા. દેખાડે નહીં, મનમાં સમસમીને બેસી રહે. હૈયા પર પથરો મૂકી રાખ્યો હોય. પણ એ અનુભવ નહોતા કરતા એમ કોઈ કહે શકે નહીં, મેં નજરે જોયું છે.

વાલ્મીકીનો રામ ઝાડને વળગીને પૂછે કે મારી સીતા ક્યાં છે ? આણે કોઈને એમ વળગીને કહ્યું નથી, પણ અનુભવ્યું છે. કસ્તૂરબા પોતાની માંદગીમાં શ્વાસ લેવાની બહુ તકલીફ હોય તો બેઠા બેઠા રાત ગાળતા અને બેઠા બેઠા રાત ગાળવાની હોય તો લાકડાનું એક નાનકડું સ્ટૂલ રાખ્યું હતું, તેની પર માથું રાખ્યું હોય તો સ્હેજ ઝપકી આવી જાય. એમ થોડો આરામ કરતા. કસ્તૂરબાના ગયા પછી એ સ્ટૂલ બાના ઓરડામાં નહીં રહે, એ સ્ટીલ મારી સાથે રહેશે એમ ગાંધીજીએ કહ્યું હતું. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ સુધી ગાંધીજી જ્યાં ગયા છે ત્યાં ત્યાં એ સ્ટૂલ સતત તેમની સાથે જ ફર્યું છે.

રોજ સવારની પ્રાર્થનામાં ગીતાનો એક અધ્યાય બોલાય. ૨૨મી ફેબ્રુઆરીના રોજ કસ્તૂરબાનું અવસાન થયેલું. દર ૨૨મી તારીખે, દર મહિનાની ૨૨મી તારીખે ગાંધીજીનો આદેશ, આખી ગીતા બોલાવવી જોઈએ. (ક્રમશઃ)




**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**